For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ભાજપ પોતાના ગઢને સાચવી રાખવા એડીચોટીનું જોર લગાવશે

શહેરની જનતા ભ્રષ્ટાચારી શાસનથી કંટાળી હોવાનો કોંગ્રેસનો દાવો

માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગરમાવો

કાંટાની ટક્કર વચ્ચે 30 જુલાઈએ મતદાન યોજાશે

ભાજપના ઉમેદવાર સતિષ પટેલે શક્તિપ્રદર્શન કરી ફોર્મ ભર્યું

પ્રદેશ પ્રમુખે કહ્યું- 'ભવ્ય વિજય મેળવી સ્વ. યોગેશ પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપીશું'

વડોદરાઃ વડોદરાની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણી માટે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ દ્વારા આ બેઠક માટે જાહેર કરાયેલા ઉમેદવાર સતિષ પટેલે આજે વ્યાપક જનસમર્થન અને ભવ્ય શક્તિપ્રદર્શન સાથે વિધિવત રીતે પોતાનું ઉમેદવારી પત્રક દાખલ કર્યું છે. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે યોજાયેલી આ રેલીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ, વરિષ્ઠ નેતાઓ, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, જેમના ઉત્સાહથી સમગ્ર વાતાવરણ ભગવામય બની ગયું હતું. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખે દ્રઢ આત્મવિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માંજલપુર બેઠક એ પરંપરાગત રીતે ભારતીય જનતા પાર્ટીનો મજબૂત ગઢ રહી છે. આ બેઠક પરથી સતત ચૂંટાતા આવેલા અને ગુજરાત વિધાનસભાના સૌથી વરિષ્ઠ સભ્ય એવા સ્વર્ગસ્થ યોગેશભાઈ પટેલના અકાળ નિધનને કારણે આ પેટાચૂંટણી યોજાઈ રહી છે. પ્રદેશ પ્રમુખે ઉમેર્યું કે, આગામી દિવસોમાં યોજાનારી આ ચૂંટણીમાં ભાજપના તમામ કાર્યકર્તાઓ એકજૂથ થઈને કામે લાગશે અને એક ઐતિહાસિક તથા ભવ્ય વિજય મેળવીને સ્વ. યોગેશ પટેલને સાચી અને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. પક્ષે સતિષ પટેલ જેવા પાયાના અને સક્રિય કાર્યકર પર ભરોસો મૂક્યો છે, જેને જનતા પૂર્ણ સમર્થન આપશે. ચૂંટણી પંચના જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, ૧૩ જુલાઈ ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો, જ્યારે આવતીકાલે ૧૪ જુલાઈએ ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવશે. આ બેઠક માટે આગામી ૩૦ જુલાઈના રોજ મતદાન પ્રક્રિયા યોજાશે અને ૩ ઓગસ્ટના રોજ મતગણતરી યોજાશે.

કોંગ્રેસના ભીખાભાઈએ ફોર્મ ભરતાં જ ભાજપ પર પ્રહાર કર્યા

શહેરમાં પૂરની આફત અને સત્તાધારી પક્ષની નિષ્ફળતા જ કોંગ્રેસનું મુખ્ય હથિયાર બનશે

વડોદરાઃ વડોદરાની ખાલી પડેલી માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આ બેઠક પર કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર અને પૂર્વ મંત્રી ભીખાભાઈ રબારીએ મોટી સંખ્યામાં પક્ષના વરિષ્ઠ હોદ્દેદારો, કાર્યકરો અને સમર્થકોની ભવ્ય ઉપસ્થિતિ વચ્ચે પોતાનું ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારી સમક્ષ સત્તાવાર રીતે રજૂ કર્યું છે.

નામાંકન પત્ર ભર્યા બાદ ભીખાભાઈ રબારીએ સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભાજપની કથિત 'ટ્રિપલ એન્જિન' સરકારની ઘોર નિષ્ફળતા અને વહીવટી લાપરવાહીના કારણે જ તાજેતરમાં વડોદરા શહેર અભૂતપૂર્વ પૂરમાં ડૂબી ગયું હતું, જેના લીધે સ્થાનિક જનતાને અસાધારણ આર્થિક અને માનસિક હાલાકી ભોગવવી પડી છે. કોંગ્રેસના ઉમેદવારે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, માંજલપુર વિધાનસભાની આ પેટાચૂંટણીમાં પક્ષ ભાજપના શાસનમાં વ્યાપેલા વ્યાપક ભ્રષ્ટાચાર, પાયાની જનસુવિધાઓનો અભાવ અને સ્માર્ટ સિટીના નામે થયેલી કરોડો રૂપિયાની ગેરરીતિઓને જનતાની વચ્ચે જઈને ખુલ્લી પાડશે. ભાજપના પરંપરાગત ગઢ ગણાતા માંજલપુરમાં આ વખતે પરિવર્તનનો સ્પષ્ટ પવન ફૂંકાઈ રહ્યો હોવાનો દાવો કરતા તેમણે ઉમેર્યું કે, વડોદરાના નાગરિકો હવે શાસકોના પોકળ દાવાઓ અને વાયદાઓથી સંપૂર્ણપણે કંટાળી ગયા છે અને આ ચૂંટણીમાં જનતા ભ્રષ્ટાચારી નીતિઓને યોગ્ય પાઠ ભણાવશે. કોંગ્રેસ પક્ષ પ્રજાલક્ષી મુદ્દાઓ, જનસુખાકારી અને પૂર જેવી કુદરતી આપત્તિઓ સામે કાયમી ઉકેલ લાવવાના મક્કમ સંકલ્પ સાથે મતદારો પાસે જશે અને મતો માંગશે.

ફોર્મ ભરનાર ઉમેદવારોની યાદી

1.સતેન્દ્રભાઈ ગોવિંદભાઈ પટેલ	ભારતીય જનતા પાર્ટી	૪	5.રાજરાજેશ્વર ધુળાભાઈ રત્નસાગર	ભારતીય જનતા પાર્ટી	1
2.પરેશકુમાર હરિકૃષ્ણ બ્રહ્મભટ્ટ	ભારતીય જનતા પાર્ટી	૨	6.દિનેશ રમાકાંત વ્યાસ	રાઈટ ટુ રીકોલ પાર્ટી	1
3.ભીખાભાઈ મુળજીભાઈ રબારી	ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ	૪	7.રાઠોડ પરેશ વિનોદકુમાર	અપક્ષ	1
4.ધર્મેશભાઈ ભોગીલાલ પટેલ	ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ	૨			

જૂના નિયમો યથાવત રાખવાની માગ સાથે AGSUએ વિરોધ નોંધાવ્યો

કોમર્સમાં ૭૫% હાજરીના નિયમથી CA, CS અને નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી

નવા નિયમના તમામ પાસાઓ પર ચર્ચા કર્યા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે : ફેકલ્ટી ડીન

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં એસવાય અને ટીવાયના વિદ્યાર્થીઓ માટે 75% હાજરી ફરજિયાત કરવાના નિર્ણય સામે વિદ્યાર્થી સંગઠન ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ મુદ્દે સંગઠને ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર સુપરત કર્યું હતું. ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયનના અગ્રણી પંકજ જયસ્વાલે જણાવ્યું હતું કે કોમર્સ ફેકલ્ટીના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સીએ, સીએસ જેવા પ્રોફેશનલ કોર્સની તૈયારી કરે છે. ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ ઘરની આર્થિક પરિસ્થિતિના કારણે અભ્યાસની સાથે નોકરી પણ કરે છે. આવા સંજોગોમાં 75 ટકા હાજરી ફરજિયાત બનાવવામાં આવશે તો અનેક વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએશન પૂર્ણ કરવું મુશ્કેલ બનશે. તેથી યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધી જે હાજરીનો નિયમ અમલમાં હતો તે જ યથાવત રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ રજૂઆતને પગલે કોમર્સ ફેકલ્ટીના ડીને વિદ્યાર્થી પ્રતિનિધિઓને ખાતરી આપી હતી કે આ મુદ્દે ટૂંક સમયમાં ફેકલ્ટીના તમામ શિક્ષકોની વિશેષ બેઠક બોલાવવામાં આવશે. આ બેઠકમાં વિદ્યાર્થીઓની રજૂઆત અને નવા નિયમના તમામ પાસાઓ પર ચર્ચા કર્યા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

વાઘોડિયા રોડ પર ઘરકંકાસનો કરૂણ અંત આવ્યો

પત્નીના ગળા પર કટરથી હુમલો કર્યા બાદ પતિએ ગળાફાંસો ખાધો

ઉમા પાર્ક સોસાયટીમાં મધરાતે સર્જાઈ દુર્ઘટના, ગંભીર રીતે ઘાયલ પત્ની સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી ઉમા પાર્ક સોસાયટીમાં દંપતિ વચ્ચે થતા ઘરેલુ ઝઘડો લોહિયાળ બન્યો હતો. ઘર કંકાસના કારણે ઉશ્કેરાયેલા પતિએ પત્નીના ગળા પર કટર વડે જીવલેણ હુમલો કર્યા બાદ પોતે જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘાયલ થયેલો પત્નીને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે . કપુરાઈ પોલીસે ઘટનાને પગલે તુરંત સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી ઉમા પાર્ક સોસાયટીમાં રવિવારે મોડી રાત્રે પતિ-પત્ની વચ્ચે થયેલા ઘરકંકાસે કરૂણ અંત લીધો હતો. પ્રદીપ કિશનરાવ ગાંગુરેએ પત્ની જ્યોતિબેનના ગળા પર કટર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ તેણે આવેશમાં આવીને ઘરમાં જ સાડી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ગંભીર રીતે ઘાયલ જ્યોતિબેનને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ બેભાન હાલતમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખની હશે અમદાવાદના રહેવાસી અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા વિજયરાવ પેટકરની પુત્રી જ્યોતિબેનના લગ્ન લગભગ 15 વર્ષ પહેલાં પ્રદીપ ગાંગુડે સાથે થયા હતા. દંપતીને એક પુત્ર અને એક પુત્રી છે. રાત્રે આશરે અઢી વાગ્યે પુત્રે દાદાને ફોન કરી માતા પર હુમલો થયાની જાણ કરી હતી. ત્યારબાદ પ્રદીપે બાળકોને રૂમમાં બંધ કરી દીધા હતા. બાળકોની બૂમાબૂમ સાંભળી પાડોશીઓ દોડી આવ્યા અને બંને બાળકોને સલામત બહાર કાઢ્યા હતા. બાદમાં ઘરની બારીનો કાચ તોડી અંદર જોતા પ્રદીપ ગાંગુડે હોલમાં છતના હૂક સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. હુમલા દરમિયાન જ્યોતિબેનને ગળા ઉપરાંત આંખની પાસે અને હાથ પર પણ ઈજાઓ પહોંચી છે. કપૂરાઈ પોલીસે યુવતીના પિતાની ફરિયાદના આધારે મૃતક પ્રદીપ ગાંગુડે વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સફેદ વીજળી જોવા મળે તો સારા વરસાદના સંકેત

વાતાવરણમાં ભેજનું પ્રમાણ યથાવત,તાપમાન ૩૪.૬ ડીગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ મુજબ વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં આગામી એક સપ્તાહ સુધી વાતાવરણમાં ભેજનું પ્રમાણ યથાવત રહેશે અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. સોમવારે વડોદરાનું મહત્તમ તાપમાન 34.6 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 28.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બંને તાપમાન સામાન્યથી અનુક્રમે 1.6 અને 2.2 ડિગ્રી વધુ રહ્યા. ગત 24 કલાકમાં શહેરમાં કોઈ વરસાદ નોંધાયો નથી. સવારે સાપેક્ષ ભેજ 72% અને સાંજે 60% રહ્યું હતું. દિવસે દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમની દિશાથી 53 કિમીની ઝડપે પવન ફૂંકાયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ 19 જુલાઈ સુધી વડોદરામાં રોજ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આ દરમિયાન કોઈ ખાસ એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન 28 ડિગ્રીની આસપાસ જ રહેશે. મહત્તમ તાપમાન 32 થી 35 ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતા છે. નિષ્ણાંતોએ રથયાત્રાના દિવસથી લઈને જુલાઈના અંત સુધી અલગ અલગ વિસ્તારોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પરંપરાગત સંકેતોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે અષાઢી બીજના દિવસે જો વીજળી સર્પાકાર થાય અને સફેદ વીજળી જોવા મળે તો સારા વરસાદના સંકેત માનવામાં આવે છે. આ આધારે તેમણે ચોમાસાની ગતિવિધિ અંગે અનુમાન વ્યક્ત કર્યું છે. 18 જુલાઈ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે.

જગ્મી ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈ ટ્રાફિકની જનતાને અગવડ ના પડે માટે જાહેરનામું પ્રસિદ્ધ

વડોદરામાં નો-પાર્કિંગ-પ્રતિબંધિત માર્ગો જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરાના હરિનગર સ્થિત ઈસ્કોન મંદિર તરફથી તા. 16 જુલાઈના રોજ યોજાનારી ભગવાન શ્રી જગન્નાથજીની 44મી રથયાત્રાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા વિશેષ ટ્રાફિક વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. રથયાત્રાના સમગ્ર માર્ગ પર બપોરે 1 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી અથવા રથયાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ ઝોન જાહેર કરતુ જાહેર નામુ પોલીસ કમિશનર દ્વારા પ્રસિદ્ધ કરાયું છે.

સંસ્કારી નગરી વડોદરામાં અષાઢી બીજના દિવસે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથ યાત્રા કાઢવાની પરંપરા ચાલતી આવી છે ઈસ્કોન મંદિર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાનની 44 મી રથયાત્રા કાઢવા માટેનું આયોજન કરાયું છે. આ રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પોલીસ કમિશનર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે ઘણા વિસ્તારોમાં પોલીસ દ્વારા રથયાત્રાણા રોડ પર ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ પણ યોજવામાં આવી રહી છે. બીજી તરફ રથયાત્રા હરિનગર સ્થિત ઈસ્કોન મંદિરથી રેલવે સ્ટેશન, એમ.એસ. યુનિવર્સિટી રોડ, કાલાઘોડા સર્કલ, પંચમુખી હનુમાન મંદિર, આરાધના સિનેમા, ફુલબારી નાકા, કોઠી ચાર રસ્તા, રાવપુરા રોડ, ટાવર ચાર રસ્તા, જયુબિલીબાગ, ગાંધી નગરગૃહ, પ્રતાપ સિનેમા, લાલકોર્ટ બિલ્ડિંગ, ફાયર બ્રિગેડ, દાંડિયાબજાર, ખંડેરાવ માર્કેટ, વીર ભગતસિંહ ચોક, મદનઝાંપા રોડ, પથ્થરગેટ પોલીસ ચોકી, આઝાદ મેદાન, જયરત્ન બિલ્ડિંગ, કેવડાબાગ, પેલેસ મટન શોપ, બગીખાના થઈ બરોડા હાઈસ્કૂલ સુધી પહોંચશે. જેને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા રથયાત્રા ના પ્રતિબંધિત રસ્તાઓ તથા વૈકલ્પિક રૂટ સાથેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે.

જાહેરનામા મુજબ રથયાત્રાના સમગ્ર રૂટની બંને બાજુ તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણપણે 'નો-પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. પોલીસ તંત્રે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ જાહેરનામાનું પાલન કરે, વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે અને ટ્રાફિક પોલીસને સહકાર આપી ધાર્મિક કાર્યક્રમને શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં સહભાગી બનવા માટે પણ આહવાન કરવામા આવ્યુ છે.

વાહનવ્યવહાર માટે પ્રતિબંધિત માર્ગો

- પ્રોડક્ટિવિટી-અલકાપુરી-રેલવે સ્ટેશન માર્ગ
- અલકાપુરી ગરનાળા-વીરાજંલી સર્કલ-રેલવે સ્ટેશન ઇનગેટ
- પંડયા બ્રિજ અને નટરાજ સર્કલથી રેલવે સ્ટેશન (ડ્ર બસ સિવાય)
- નરહરી સર્કલ, કમાટીબાગ રોડ, BSNL ત્રણ રસ્તા, જેલ રોડ, કોઠી ચાર રસ્તા
- ફુલબારી નાકા, રાવપુરા રોડ, ટાવર ચાર રસ્તા, નવરંગ સર્કલ, જયુબિલીબાગ
- ગાંધીનગર ગૃહ, દાંડીયાબજાર, લાલકોર્ટ, ફાયર બ્રિગેડ, સુરસાગર વિસ્તાર
- પથ્થરગેટ, વીર ભગતસિંહ ચોક, માર્કેટ ચાર રસ્તા, વેરાઈમાતા ચોક
- નહેરૂભવન, બગીખાના, જયરત્ન બિલ્ડિંગ, નવાપુરા, મોતીબાગ
- સલાટવાડા, નાગરવાડા, કારેલીબાગ, ભક્તિ સર્કલ વિસ્તાર
- માંડવી-લહેરીપુરા દરવાજા, સાધના સિનેમા, સુલ્તાનપુરા અને બરાનપુરા વિસ્તાર.

પાંચ સ્થળોએ દરોડા, 35 જુગારીઓ ઝડપાયા

શહેર-ગ્રામ્યના જુગારધામો પર પોલીસના ઠેરઠેર દરોડા

ફતેગંજ, સેવાસી, શેરખી, ભોજગામ અને શિનોર વિસ્તારમાં પોલીસની રેડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરા શહેરની એલસીબી ઝોન-1ની ટીમે ફતેગંજ સર્કલ નજીક નિઝામપુરા સાઈબાબા મંદિર પાસે ચાણક્ય કોમ્પ્લેક્ષ પાછળ ખુલ્લી જગ્યાએ દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસને આરોપીઓ પાસેથી અંગઝડતી દરમિયાન રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન તેમજ દાવ પર મુકાયેલી રોકડ અને મળી રૂ.1.01 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બીજી તરફ વડોદરા તાલુકા પોલીસે સેવાસી ગામના ટેકરા વિસ્તારમાં દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી રૂ.13 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યારબાદ શેરખી ગામના નર્મદા કેનાલ નજીક પણ વધુ એક દરોડામાં સાત જુગારીઓ ઝડપાયા હતા, જ્યાંથી રૂ.15 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. વડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભોજગામની સીમમાં ખેતર પાસે આવેલા નાળામાં ચાલતા જુગાર પર દરોડો પાડતાં છ જુગારીઓ ઝડપાયા હતા. પોલીસે રૂ.10 હજાર રોકડ કબજે કર્યા હતા. આ ઉપરાંત શિનોર પોલીસ તથા લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ફુકસ-દામાપુરા રોડ પર ભુખી નદીના નાળા પાસે દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી રૂ.1.24 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પાંચેય કેસમાં પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા કલમ-12 હેઠળ અલગ-અલગ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હૃદયસ્પર્શી નિર્ણય દુઃખની ઘડીમાં પણ માનવતાની અનોખી મિસાલ, ગ્રીન કોરિડોર દ્વારા અમદાવાદ પહોંચાડાયાં અંગો

બ્રેઈનડેડ યુવકના અંગોથી ૫ જરૂરિયાતમંદને નવજીવન

બ્રેઈન હેમરેજથી અવસાન બાદ પરિવારજનોની અડગ નિર્ણયશક્તિ, કિડની, લીવર અને આંખના દાનથી સમાજને આપ્યો સેવાનો સંદેશ

માનવતાનો સંદેશ

જીગરભાઈ હવે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના અંગો પાંચ અલગ-અલગ પરિવારોમાં હજુ પણ ધબકશે. આ અમારો માત્ર નિર્ણય નથી, પણ માનવતાનો સંદેશ છે. અમે ઇચ્છીએ છીએ કે વધુમાં વધુ લોકો આ મહાન કાર્યમાં જોડાય.

સ્મિતાબેન મહેતા (જીગરભાઈના પત્ની)

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ જીવન અને મૃત્યુ વચ્ચેનો સેતુ કદાચ 'અંગદાન' છે. જ્યારે કોઈ વ્યક્તિનો દીવો બુઝાય છે, ત્યારે તેના અંગો બીજાના જીવનમાં અજવાળા પાથરી જાય છે. વડોદરાના રાજેશ ટાવર નજીક વિષ્ણુકુંજ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષીય જીગરભાઈ નટવરભાઈના પરિવારે આવી જ એક હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી મિસાલ પૂરી પાડી છે. અકસ્માત બાદ જીગરભાઈનું અવસાન થતા પરિવારે ભારે હૈયે પણ અડગ મન સાથે તેમના અંગોનું દાન કરી, મૃત્યુ બાદ પણ તેમને બીજા પાંચ વ્યક્તિઓમાં જીવંત રાખ્યા છે. સાતથી આઠ દિવસ પૂર્વે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં જીગરભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્ટર્લિંગ હોસ્પિટલમાં તેમની સઘન સારવાર ચાલી રહી હતી, પરંતુ ભાગ્યને કંઈક બીજું જ મંજૂર હતું. સારવાર દરમિયાન તેમને બ્રેઈન હેમરેજ થતાં ડૉક્ટરોએ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કર્યા હતા. પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું, પરંતુ આ કઠિન સમયમાં પણ જીગરભાઈની પત્ની સ્મિતાબેન મહેતા અને પરિવારજનોએ ધીરજ ગુમાવ્યા વિના હોસ્પિટલના તબીબોની સલાહ માની અંગદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. પરિવારની સંમતિ બાદ તત્કાલ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જીગરભાઈના દેહમાંથી બે કિડની, લીવર અને બે આંખોનું દાન કરવામાં આવ્યું હતું, જેનાથી કુલ પાંચ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળવાની આશા બંધાઈ છે.

અંગદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વડોદરાની ગોત્રી સ્થિત GMERS હોસ્પિટલથી એક વિશેષ 'ગ્રીન કોરિડોર' બનાવવામાં આવ્યો હતો. આ સુરક્ષિત અને ઝડપી કોરિડોર મારફતે અંગોને અમદાવાદની AIIMS અને Apollo હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવ્યા હતા, જેથી સમયસર જરૂરિયાતમંદ દર્દીઓમાં તેનું પ્રત્યારોપણ કરી શકાય. જીગરભાઈના પરિવારે દુઃખની પરાકાષ્ઠાએ પણ જે રીતે અંગદાનનો નિર્ણય લીધો છે, તે સમગ્ર વડોદરા અને ગુજરાત માટે ગર્વની વાત છે. તેમનો આ નિર્ણય સાબિત કરે છે કે માનવતા સર્વોપરી છે.આજે જીગરભાઈના અકાળે વિદાયથી પરિવારમાં જે શૂન્યાવકાશ સર્જાયો છે, તેની ભરપાઈ તો શક્ય નથી, પરંતુ તેમના આ પરોપકારી નિર્ણયથી અનેક પરિવારોના આંસુ લૂછાયા છે. ખરેખર, જીગરભાઈનું જીવન અને તેમનો અંતિમ નિર્ણય 'અંગદાન-મહાદાન'ની ભાવનાને સાર્થક કરે છે.

સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ ઘટના: સ્થાનિકોમાં રોષ

આજવા રોડ પર કાદવ-કીચડના કારણે માતા-પુત્ર અકસ્માતનો ભોગ બન્યા

વડોદરાઃ ચોમાસાની શરૂઆત થતાં જ વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓ અને ગંદકીની સમસ્યાઓ સામે આવવા લાગી છે. તાજેતરમાં વડોદરાના આજવા રોડ પર આવેલા લપુલેસ નગર વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. અહીં રસ્તા પર ફેલાયેલા અતિશય કાદવ અને કીચડના કારણે એક એક્ટિવા ચાલક માતા અને તેમનો માસૂમ પુત્ર ગંભીર અકસ્માતનો ભોગ બન્યા હતા. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે ચર્ચાનો વિષય બન્યા છે. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, એક માતા પોતાના પુત્ર સાથે એક્ટિવા પર સવાર થઈને પસાર થઈ રહી હતી. તે દરમિયાન રસ્તા પર જામેલા અતિશય કાદવના કારણે અચાનક તેમનું વાહન સ્લીપ થઈ ગયું હતું. વાહન સ્લીપ થતાં જ માતા અને બાળક બંને રસ્તા પર ભયાનક રીતે પટકાયા હતા. આ અકસ્માતમાં માસૂમ બાળક રસ્તા પર ખૂબ જ ખરાબ રીતે નીચે પડ્યો હતો, જ્યારે માતા પણ વાહન પરથી સંતુલન ગુમાવતા દૂર જઈને પટકાઈ હતી. આ દ્રશ્યો જોઈને કોઈપણ વ્યક્તિનું હૃદય ધ્રૂજી ઉઠે તેમ છે. આ ઘટનાને પગલે લપુલેસ નગર અને આજવા રોડ વિસ્તારના સ્થાનિક રહીશોમાં તંત્ર અને સત્તાધારી પક્ષ સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોનો ગંભીર આક્ષેપ છે કે રસ્તાની આ દુર્દશા અને કાદવ-કીચડના સામ્રાજ્ય અંગે શાસક પક્ષ ભાજપના સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકર્તાઓને વારંવાર ટેલિફોનિક સંપર્ક કરીને રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં, નેતાઓ દ્વારા કાં તો ફોન ઉપાડવામાં આવતા નથી અથવા તો કોઈ યોગ્ય પ્રતિસાદ કે પ્રત્યુત્તર આપવામાં આવતો નથી. તંત્ર અને નેતાઓની આ ઘોર બેદરકારીના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા છે. સ્થાનિકોએ ભીતિ વ્યક્ત કરી છે કે જો આગામી સમયમાં આ રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવામાં નહીં આવે, તો કોઈ મોટો અને જાનલેવા અકસ્માત સર્જાઈ શકે છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે આવા અકસ્માતોમાં જો કોઈ ભયાનક જાનહાનિ થશે તો તેનો જવાબદાર કોણ? સ્થાનિકો હવે આ મામલે વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.